# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-12-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1) ભારત અને શ્રીલંકાએ બેવડા કરવેરાથી બચવા અને રાજકોષીય ચોરી ટાળવા સમજૂતિનું આદાનપ્રદાન કર્યું
2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, શહીદ જવાનોના પરિવારજનોનાં કલ્યાણ માટે ગૃહ, આદિવાસી બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રાલય વિશેષ યોજના ઘડશે.
3) રાજ્યસભામાં બંધારણનાં અમલનાં 75 વર્ષ પ્રસંગે વિશેષ ચર્ચાનો પ્રારંભ
4) સુવિખ્યાત તબલાવાદક ઝાકિર હુસૈનનું ગઈકાલે રાત્રે અમેરિકામાં નિધન
5) બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં વરસાદનું વિઘ્નઃ ભારતે ચાર વિકેટે 51 રન કર્યા, હજુ 394 રન પાછળ

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ SRI LANKA – INDIA

ભારત અને શ્રીલંકાએ આજે બેવડા કરવેરાથી બચવા અને આવકવેરાનાં સંદર્ભમાં રાજકોષીય ચોરી ટાળવા સમજૂતિનું આદાનપ્રદાન કર્યું હતું. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે વચ્ચેની મંત્રણા બાદ આ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને પક્ષોએ શ્રીલંકાના

સનદી અધિકારીઓની તાલીમ અને ક્ષમતા નિર્માણ અંગેનાં સમજૂતિપત્રોનું પણ આદાનપ્રદાન કર્યું હતું.

આ પ્રસંગે મહો-અનુરાધાપુરા સેક્શનમાં સિગ્નલ પ્રોજેક્ટ માટે શ્રીલંકાને એક કરોડ 49 લાખ ડોલરની સહાયની જાહેરાત કરવામાં આવી હતી.

અખબારી નિવેદનમા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એ અંગે ખુશી વ્યક્ત કરી હતી કે શ્રી દિસાનાયકેએ પ્રમુખ તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વિદેશ મુલાકાત તરીકે ભારતની પસંદગી કરી. તેમણે જણાવ્યું કે. ભારતે શ્રીલંકાને અત્યાર સુધી પાંચ અબજ ડોલરની શાખ અને ધિરાણ પૂરુ પાડ્યું છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત-શ્રીલંકા વચ્ચે ફેરી સર્વિસથી શ્રીલંકામાં પર્યટનને ઉત્તેજન મળશે.

**(Byte PM PALI TOURISM)**

પોતાનાં નિવેદનમાં શ્રી દિસાનાયકેએ જણાવ્યું કે, તેમણે પ્રધાનમંત્રી મોદીને ખાતરી આપી છે કે તેઓ ભારતનાં હિતને નુકસાન પહોંચાડે તેવી કોઈ પ્રવૃત્તિ શ્રીલંકાની ધરતી પરથી નહીં થવા દે. તેમણે જણાવ્યું કે, તેમની ભારત મુલાકાતથી બંને દેશો વચ્ચેનાં સંબંધોને વેગ મળશે.

અગાઉ, આજે સવારે રાષ્ટ્રપતિભવનના પ્રાંગણમાં શ્રી દિસાનાયકેનું પ્રાસંગિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીલંકાના પ્રમુખે રાજઘાટ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગઈ કાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા શ્રી દિસાનાયકે આવતી કાલે બિહારમાં બોધ ગયાની મુલાકાતે જશે.

## AMIT SHAH CHHATISGARH

છત્તીસગઢની મુલાકાતના બીજા દિવસે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે બસ્તરના વિભાગીય વડામથક જગદલપુરમાં શહીદ સલામતી જવાનોના

પરિવારજનો સાથે મુલાકાત કરીને જણાવ્યું કે, શહીદ જવાનોના પરિવારજનોની સમસ્યા ઉકેલવા અને તેમને વળતર આપવા ભારત સરકારનાં ગૃહ, આદિવાસી બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રાલયો વિશેષ યોજના ઘડી કાઢશે. શ્રી શાહે જગદલપુરમાં અમર શહીદ વાટિકા ખાતે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

## RS CONSTITUTION

રાજ્યસભામાં આજે બંધારણના 75 વર્ષની ગૌરવ પૂર્ણ યાત્રા પર બે દિવસની ચર્ચાનો પ્રારંભ થયો છે. ચર્ચાની શરૂઆત કરતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારતનું બંધારણ વિશ્વમાં શ્રેષ્ઠ બંધારણ છે. સુશ્રી સીતારમણે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો કે તેણે પરિવાર અને વંશને મદદ કરવા માટે બંધારણમાં સૌથી વધુ સુધારા કર્યા છે. ચર્ચામાં ભાગ લેતા ગૃહમાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર બંધારણનું અપમાન કરવાનો આરોપ મૂક્યો હતો.

કોંગ્રેસના સાંસદ અભિષેક મનુસિંઘવીએ ભાજપ પર બંધારણીય મૂલ્યોનો નાશ કરવાનો આક્ષેપ કરતા જણાવ્યું કે, નવા ભાજપનાં શાસન હેઠળ ભારતમાં ભય, અવિશ્વાસ અને ભાગલાવાદ પ્રવર્તી રહ્યો છે. ભાજપ ભયનું રાજકારણ રમી રહ્યો છે.

બંધારણનાં ઐતિહાસિક મહત્વ અને રાષ્ટ્રનાં ઘડતરમાં તેની ભૂમિકા પર વિશેષ ચર્ચા આવતી કાલે પણ ચાલુ રહેશે.

## PREZ-ARMENIA DELEGATION

આર્મેનિયાની નેશનલ એસેમ્બલીના પ્રમુખ એલેન સિમોનયાનનાં વડપણ હેઠળ સંસદીય પ્રતિનિધિમંડળે આજે રાષ્ટ્રપતિભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળને આવકારતા રાષ્ટ્રપતિએ ભારત અને આર્મેનિયા વચ્ચેનાં સદીઓ જૂના સાંસ્કૃતિક જોડાણને યાદ કર્યું હતું.

## MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## PM- RAJASTHAN VISIT

**પ્રધાનમંત્રી** નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાનની મુલાકાત લેશે. શ્રી મોદી રાજસ્થાન સરકારની એક વર્ષની સમાપ્તિ પ્રસંગે આયોજિત ‘એક વર્ષ-પરિણામ ઉત્કર્ષ’ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી જયપુર ખાતે **46** હજાર **300** કરોડ રૂપિયાથી વધુની ઉર્જા, માર્ગ, રેલ્વે અને પાણી સંબંધિત **24** યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી **11,000** કરોડ રૂપિયાથી વધુની કિંમતના નવ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે જેમાં કેન્દ્ર સરકારના સાત પ્રોજેક્ટ અને રાજ્ય સરકારના બે પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેઓ **35** હજાર **300** કરોડ રૂપિયાથી વધુના **15** પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે જેમાં **9** કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ અને **6** રાજ્ય સરકારના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

## MoU-GATI SHAKTI AND NAVY

ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય,  વડોદરાએ આજે નવી દિલ્હીમાં લોજિસ્ટિક્સ-સંબંધિત શિક્ષણ, સંશોધન અને તાલીમ માટે ભારતીય નૌકાદળ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારતીય નૌકાદળમાં કંટ્રોલર ઓફ લોજિસ્ટિક્સ વાઈસ એડમિરલ દીપક કપૂર અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના વાઇસ ચાન્સેલર પ્રોફેસર મનોજ ચૌધરીએ આ સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. રેલવે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ સહયોગ સપ્લાય ચેઇન મેનેજમેન્ટ, મલ્ટિમોડલ

ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સમાં ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતીય નૌકાદળના લોજિસ્ટિકલ માળખાને મજબૂત બનાવશે. ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય, ભારતની પ્રથમ પરિવહન યુનિવર્સિટી છે.

## VIJAY DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિજય દિવસના અવસર પર 1971માં પાકિસ્તાન સામેના યુધ્ધમાં બલિદાન આપનારા બહાદુર જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી.

સોશિયલ મિડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ શૂરવીર જવાનોનાં અંતિમ બલિદાનને યાદ કરીને જણાવ્યું કે, તેમની ગાથા દરેક ભારતીયને પ્રેરણા આપે છે અને રાષ્ટ્રીય અભિમાનનો સ્ત્રોત છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ જવાનોનાં શૌર્ય અને નિઃસ્વાર્થ બલિદાનની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું કે, 1971માં આજનાં દિવસે ભારતની ઐતિહાસિક જીતમાં યોગદાન આપનારા બહાદુર સૈનિકોની હિંમત અને બલિદાનનું રાષ્ટ્ર સન્માન કરે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## ZAKIR HUSSAIN DEATH

**સુવિખ્યાત તબલાવાદક ઝાકિર હુસૈનનું ગઈકાલે રાત્રે અમેરિકામાં નિધન થયું છે. તેઓ 73 વર્ષના હતા. તેમના પરિવારજનોના સૂત્રોના જણાવ્યા મુજબ, સ્વર્ગસ્થ ઝાકીર હૂસૈન મધુપ્રમેહ સંબંધિત સમસ્યાથી પીડાતા હતા. આ અગાઉ તેમને સાન ફ્રાન્સિસ્કોંની એક હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.**

**ઝાકીર હૂસૈનનો જન્મ 9 માર્ચ 1951ના રોજ મુંબઈમાં થયો હતો.**

**છ દાયકાની સુદીર્ઘ કારકિર્દીમાં તેમણે પાંચ ગ્રેમી પુરસ્કાર જીત્યા હતા. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝાકીર હુસૈનનાં નિધન પર શોક વ્યક્ત કર્યો છે.**

## AUS INDIA TEST

બ્રિસ્બેનના ગાબા ખાતે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં, આજે સવારે વરસાદના કારણે ત્રીજા દિવસની રમત અટકાવી દેવાઇ હતી.. ભીના મેદાનને કારણે અટકી ગયેલી રમત પહેલાં ભારતે ચાર વિકેટે 51 રન કર્યા હતા. કે એલ રાહુલ 33 અને કેપ્ટન રોહિત શર્મા શૂન્ય રને રમતમાં છે.

અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ ઇનિંગમાં 445 રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી. ભારત હજુ 394 રન પાછળ છે અને ફોલો-ઓન ટાળવા માટે કુલ 246 રન કરવા જરૂરી છે.

## Revise BJP Congress Letter Nehru

**ભારતીય જનતા પાર્ટીએ આજે કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીને દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ દાનમાં આપેલા પત્રો પ્રધાનમંત્રી સંગ્રહાલય અને ગ્રંથાલયને પરત કરવાની માંગણી કરી છે. પક્ષે જણાવ્યું છે કે, આ ઐતિહાસિક દસ્તાવેજો દેશની સંપત્તિ છે.**

**નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ માધ્યમના અહેવાલને ટાંકીને જણાવ્યું કે, સંગ્રહાલયના તત્કાલિન ડિરેક્ટરની મંજૂરી બાદ કોંગ્રેસના ભૂતપુર્વ પ્રમુખ સોનિયા ગાંધીને વર્ષ 2008માં 51 ખોખા ભરીને આ પત્રો આપવામાં આવ્યા હતા, જેમાં જવાહરલાલ નહેરુએ એડવિના માઉન્ટબેટન, જયપ્રકાશ નારાયણ સહિતનાં મહાનુભાવોને લખેલા પત્રોનો સમાવેશ થાય છે. શ્રી પાત્રાએ લોકસભામાં પ્રશ્નકાળમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો.**

દરમિયાન કોંગ્રેસને ભાજપ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, સત્તાપક્ષ એક મુખ્ય ઉદ્યોગ જૂથ દ્વારા કથિત લાંચ લેવાના આરોપો સાથે સંબંધિત મુદ્દાઓથી ધ્યાન અન્યત્ર દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે.